ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને હરાવી એશિઝ જાળવી રાખી

લંચ સુધી ઈંગ્લેન્ડે 435 રનના લક્ષ્યનો પીછો કરતા સાત વિકેટે 309 રન બનાવી લીધા હતા

મિચેલ સ્ટાર્કે છેલ્લા દિવસે 3 વિકેટ લઈ ઈંગ્લેન્ડની સિરીઝ જીવંત રાખવાની આશા પર પાણી ફેરવ્યું

એડીલેડ, તા. 21 (એપી): રવિવારે અહીં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ ક્રિકેટ મેચના પાંચમા અને અંતિમ દિવસે ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે છેલ્લી ચારમાંથી ત્રણ વિકેટ લઈને ઈંગ્લેન્ડની વાપસીની આશા પર પાણી ફેરવી દીધું, જેની મદદથી ઓસ્ટ્રેલિયા 82 રનથી વિજય મેળવ્યો અને એશિઝ સિરીઝ 3-0થી કબજે કરી જ્યારે કે હજુ બે ટેસ્ટ બાકી છે.

435 રનના લક્ષ્યનો પીછો કરતા, ઈંગ્લેન્ડે પાંચમા દિવસની સવારે 6 વિકેટે 207 રનથી પોતાનો બીજો દાવ ફરી શરૂ કર્યો. તેમને જીતવા માટે 228 રનની જરૂર હતી, જ્યારે ઓસ્ટ્રેલિયાને એશિઝ જાળવી રાખવા માટે ચાર વિકેટની જરૂર હતી. જોકે, લંચ પછી ઈંગ્લેન્ડ 352 રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેનાથી અણધારી જીત, વિશ્વ રેકોર્ડ બનાવવા અને એશિઝમાં આશા જીવંત રાખવાની તેમની આશાઓ પર પાણી ફરી ગયું.

ઓસ્ટ્રેલિયાએ પર્થ અને બ્રિસ્બેનમાં પ્રથમ બે ટેસ્ટ મેચ આઠ વિકેટના સમાન માર્જિનથી જીતી હતી. સ્ટાર્કે બંને મેચમાં શાનદાર બોલિંગ કરી અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. તેણે ત્રીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની જીતમાં ફરીથી મુખ્ય ભૂમિકા ભજવી.

સવારના સત્રમાં સ્ટાર્કે એકમાત્ર વિકેટ લીધી, જેમી સ્મિથને 60 રને આઉટ કર્યો. ઈંગ્લેન્ડે પહેલા સત્રમાં 102 રન ઉમેરીને પોતાની આશા જીવંત રાખી.

ઈંગ્લેન્ડની શાનદાર વાપસીથી અંતિમ દિવસે લંચ સુધી પરીણામ પર સસ્પેન્સ રહ્યું. લંચ સમયે ઈંગ્લેન્ડે સાત વિકેટે 309 રન બનાવી લીધા હતા. ઓસ્ટ્રેલિયાને એડિલેડમાં ટ્રોફી જીતવા માટે ત્રણ વિકેટની જરૂર હતી, અને ઈંગ્લેન્ડને પાંચ મેચની શ્રેણીમાં આશા જીવંત રાખવા માટે 126 રનની જરૂર હતી. જોકે લંચ બાદ સ્ટાર્કે વિલ જેક્સ અને જોફ્રા આર્ચરને આઉટ કરી ટીમની જીત સુનિશ્ચિત કરી.

ઓસ્ટ્રેલિયા પ્રથમ દાવ 371 રન
ઈંગ્લેન્ડ પ્રથમ દાવ 286 રન
ઓસ્ટ્રેલિયા બીજો દાવ 349 રન

ઈંગ્લેન્ડ	રન	બોલ	4	6
કોલી સ્ટ કેરી બો લિયોન	85	151	8	0
ડકેટ કો લાબુશેન બો કમિન્સ	4	2	1	0
ઓલી કો લાબુશેન બો કમિન્સ	17	29	2	0
રૂટ કો કેરી બો કમિન્સ	39	63	5	0
બ્રુક બો લિયોન	30	56	2	0
સ્ટોક્સ બો લિયોન	5	18	1	0
સ્મિથ કો કમિન્સ બો સ્ટાર્ક	60	83	7	2
જેક્સ કો લાબુશેન બો સ્ટાર્ક	47	137	3	0
કાર્સે અણનમ	39	64	4	1
આર્ચર કો વેધરલેન્ડ બો સ્ટાર્ક	3	14	0	0
ટંગ કો લાબુશેન બો બોલાન્ડ	1	3	0	0
વધારાના	22			
કુલ 102.5 ઓવરમાં ઓલઆઉટ	352 રન			

વિકેટ પતન: 1-4, 2-31, 3-109, 4-177, 5-189, 6-194, 7-285, 8-337, 9-349, 10-352

બોલિંગ	O	M	R	W
મિચેલ સ્ટાર્ક	17	3	62	3
પેટ કમિન્સ	17	4	48	3
સ્કોટ બોલેન્ડ	17.5	5	35	1
નાથન લિયોન	25	6	77	3
કેમરન ગ્રીન	10	0	44	0
ટ્રેવિસ હેડ	15	3	61	0
માર્નુસ લાબુશેન	1	0	7	0

મહિલા ટી-20: ભારતે શ્રીલંકાને 121 રન પર અટકાવ્યું

ક્રાન્તિ ગૌડ, દીપ્તિ શર્મા અને શ્રી ચરણીએ 1-1 વિકેટ લીધી

શ્રીલંકાની ખેલાડીઓ હળવા બોલ પર શોટ મારવામાં સંઘર્ષ કરી રહી હતી

વિશાખાપટ્ટનમ, તા. 21 (પીટીઆઈ): રવિવારે રમાયેલી પ્રથમ મહિલા ટી-20 મેચમાં શ્રીલંકાની બેટરોને હળવા બોલને ફટકારવામાં સંઘર્ષ કરવો પડ્યો હતો, જેના કારણે ભારતે શ્રીલંકાને 6 વિકેટે 121 રન પર રોકી દીધું હતું.

ઓપનર વિશ્મી ગુણારત્નેએ 43 બોલમાં 39 રન બનાવ્યા હતા, જ્યારે હસિની પરેરા અને હર્ષિતા સમરવિક્રમાએ અનુક્રમે 20 અને 21 રન બનાવ્યા હતા. શ્રીલંકાની કેપ્ટન ચમારી અથાપથુ મેદાનમાં ઉતર્યાને તુરંત બાદ મોટા શોટ ફટકારવા લાગી હતી, તેણે ક્રાન્તિ ગૌડના બોલ પર ચોગ્ગો ફટકાર્યો હતો.

હાલમાં રમાયેલા વનડે વર્લ્ડકપમાં ભારતના વિજયી અભિયાનમાં પ્લેયર ઓફ ધ સિરીઝ, દીપ્તિ શર્માએ (1 વિકેટ) ત્યારબાદની ઓવરમાં ડાઇવ કરીને ચોક્કસ બાઉન્ડ્રી જેવો દેખાતા શોટને માત્ર એક રન સુધી જ જાળવી રાખ્યો હતો, તે પહેલાં અથાપથુએ ગૌડના બોલ પર ત્રણ બોલમાં બે ચોગ્ગા ફટકાર્યા હતા.

ડાબા હાથની અથાપથુના આક્રમક અભિગમથી ગૌડને રાઉન્ડ ધી વિકેટ બોલિંગ કરવાની ફરજ પડી અને યુવા સીમ બોલરે એંગલમાં ફેરફાર કરીને સ્ટ્રાઇક કર્યો, બોલ બેટ અને પેડ વચ્ચેના ગેપમાંથી પસાર થઈને શ્રીલંકાની કેપ્ટનના સ્ટમ્પ્સને ઉડાવી દીધી હતી અને ભારતને પ્રથમ સફળતા મળી.

કેપ્ટન હરમનપ્રીત કૌરે પાવરપ્લેમાં દીપ્તિને બોલિંગ પર લગાવી હતી તે પહેલાં, હાસિનીએ ડીપ ફાઇન લેગ રિજન તરફ બાઉન્ડ્રી ફટકારી.

હસિની બે હળવા બોલ ચૂકી ગઈ અને દીપ્તિને મેઇડન ઓવરથી શરૂઆત કરવામાં મદદ કરી હતી, જેના કારણે પાવરપ્લેના અંતે શ્રીલંકા એક વિકેટે 31 રન પર રહ્યું.

વિજય હજારે માટે વિરાટ કરી રહ્યો છે નેટ પ્રેક્ટીસ

નવી દિલ્હી, તા. 21: ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલી હવે ભારત માટે ફક્ત વનડે ક્રિકેટ રમે છે. વિરાટ T20 અને ટેસ્ટ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. કોહલીના બેટે તાજેતરમાં દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચની વનડે સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ત્રણ મેચમાં 300થી વધુ રન બનાવ્યા હતા, જેમાં બે સદી અને એક અડધી સદી સામેલ છે. હવે વિરાટ કોહલી 24 ડિસેમ્બરથી શરૂ થતી વિજય હજારે ટ્રોફીમાં પણ રમતા જોવા મળશે. વિરાટ કોહલી નેટ્સમાં બેટિંગ કરી રહ્યો છે તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. અસલમાં કોહલી વિજય હજારે ટ્રોફીની તૈયારી કરી રહ્યો છે. કોહલી 15 વર્ષ પછી વિજય હજારે ટ્રોફીમાં દેખાશે. તેનું નામ દિલ્હીની ટીમમાં પણ છે. ત્યારે કોહલીનો પ્રેક્ટિસ કરતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. વિરાટ કોહલીએ નેટમાં બોલિંગ કરનાર બોલરને પોતાનો ઓટોગ્રાફ આપ્યો હતો. તેની સાથે ફોટો પણ પડાવ્યો. આ નેટ બોલરનો ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વિજય હજારે બાદ વિરાટ 11 જાન્યુરીથી ન્યૂઝીલેન્ડ સામેની 3 વનડેની સિરીઝમાં રમશે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

મહૌષધ ચૂર્ણ

વૈદ્યરાજ પ્રેમજી દાસનો આ પ્રયોગ અપનાવવા જેવો છે. સરળ છે. હિમજ હરડે, તજ, જેઠીમધ, બહેડાં, આમળાં, મહુવાના ફૂલ દરેક 50 ગ્રામ લાવી બારીક ચૂર્ણ કરવું. તેમાંથી રોજ સવારે અને સાંજે પાંચ, પાંચ ગ્રામ મધ સાથે ચાટવાથી હરસ મસા, ભગંદર, પ્રમેહ, જરા અવસ્થા દૂર થઈ આંખ નું તેજ વધે છે. દરેક ઘરમાં રાખી વિવેકથી આનો ઉપયોગ કરવો, એવું વૈદ્યરાજ કહે છે. તમારા સંપર્કમા હોય એ વૈદ્યશ્રી ને પૂછી, તમારી પ્રકૃતિ પ્રમાણે ઉચિત કરો.

સુડોકુ - ૨૪૨૬

૭	૯	૩	૨			૮		
	૮						૨	
૪	૧		૮	૯		૭		
૩	૫		૧	૨	૭		૪	૮
	૭		૬	૪		૧		
૮	૪	૧		૩			૭	
૯		૭				૨		૬
	૬		૩	૭			૯	૪
૫	૨			૬			૮	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૨	૬	૬	૬	૩	૨	૨	૫
૨	૩	૫	૨	૭	૬	૨	૬	૬
૬	૬	૨	૫	૨	૨	૭	૬	૩
૨	૭	૬	૩	૬	૫	૩	૭	૨
૬	૫	૬	૨	૨	૬	૬	૨	૨
૨	૨	૩	૭	૨	૬	૬	૫	૬
૫	૬	૩	૬	૩	૨	૬	૫	૬
૬	૬	૨	૨	૫	૩	૨	૩	૭
૬	૬	૨	૬	૬	૭	૫	૩	૩

૨૦૨૬-ઇફ્ફ ક્રૈડ્ફિ

શબ્દગુંફન - ૭૧૨૬

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧.જીવદયા (૪)
૪.દોલત (૨)
૬.મહાદેવ, શિવ, રુદ્ર (૩)
૮.સુંદર, રમણીય (૨)
૯.લગનગાળો (૫)
૧૨.પતિ (૩)
૧૩.રેતીનું મેદાન (૨)
૧૪.નુકસાન (૨)
૧૫.સીતાના પિતા (૩)
૧૭.પગથિયાંવાળો કૂવો (૨)
૧૮.તંતુ, દોર (૨)
૧૯.આધાર (૩)
૨૦.કુસ્તીબાજ (૨)
૨૨.સમીપ, પાસે (૩)
૨૩.મારવું તે (૩)
૨૫.તૃપ્ત, ધરાયેલું (૨)
૨૬. અભિમાની (૨)
૨૭.હાથી (૩)
૨૮. ઝીણી ધૂળ (૩)
૩૦.ચર્ચા,ઊહાપોહ (૪)
૩૨.સમય, વખત (૨)
૩૩.શંકર (૨)

ઊભી ચાવી
૧.પૃથ્વીની સપાટી (૩)
૨.દબાવવું-પીડવું તે (૩)
૩.પાણી, જળ (૨)
૫. ઉધ્ધારક (૫)
૬.ભાષા (૨)
૭.રક્ષણ, આશ્રય (૩)
૧૦.આકાશ, આભ (૩)
૧૧.મિત્રતા, પ્રીતિ (૨)
૧૩.અવાજ (૨)
૧૫.જમીનમાલિક (૫)
૧૬.ધ્રુજારી (૫)
૧૭.કથા, કહાણી (૩)
૧૮.ગાયનના ઠોકનું માપ (૨)
૨૦.દિલ (૨
૨૧.તારનાર, ઉધ્ધાર કરનાર (૫)
૨૪.સિંહની ગર્જના (૩)
૨૫.પૈસાદાર (૨)
૨૭.અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૨૯.ગુસ્સો (૨)
૩૦.અસ્થિર (૨)
૩૧.સુંદર, મનોહર (૨)



૬૨૧૮ - ઇફ્ફ મ્ફ્ફ્ટિઝાઇ

ન્યૂઝીલેન્ડે વેસ્ટઈન્ડિઝને 462 રનનો વિશાળ લક્ષ્યાંક આપ્યો

લેથમ અને કોનવેએ સતત બીજી ઈનિંગમાં સદી ફટકારી

વેસ્ટઈન્ડિઝે વગર નુકસાને 43 રન બનાવ્યા આજે છેલ્લા દિવસે તેને 419 રનની જરૂર

માઉન્ટ મોનગનુઈ (ન્યૂઝીલેન્ડ), તા. 21 (એપી): કેપ્ટન ટોમ લેથમ અને ડેવોન કોનવેએ સતત બીજી ઈનિંગમાં સદી ફટકારીને ટેસ્ટ ઈતિહાસમાં એક વિશિષ્ટ યાદીમાં પોતાનું નામ સામેલ કર્યું, જેની મદદથી ન્યૂઝીલેન્ડે ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં વેસ્ટઈન્ડીઝ સામે 462 રનનો પડકારજનક લક્ષ્યાંક મૂક્યો.

લેથમે 101 રન બનાવ્યા, જ્યારે કોનવેએ 100 રન બનાવ્યા. આ જોડીએ પ્રથમ વિકેટ માટે 192 રનની ભાગીદારી કરી હતી, જેના કારણે ન્યૂઝીલેન્ડે બે વિકેટે 306 રનના સ્કોર પર પોતાનો બીજો દાવ જાહેર કર્યો.

ન્યૂઝીલેન્ડે પહેલી ઈનિંગમાં આઠ વિકેટે 575 રન બનાવ્યા હતા, જેના જવાબમાં વેસ્ટઈન્ડીઝે પ્રથમ ઈનિંગમાં 420 રન બનાવ્યા. ચોથા દિવસની રમતના અંતે, વેસ્ટઈન્ડિઝ બીજા દાવમાં કોઈ નુકસાન વિના 43 રન બનાવીને લક્ષ્યથી 419 રન પાછળ હતું. રમતના અંતે, બ્રાન્ડન કિંગ 37 અને જોન કેમ્પબેલ 2 રને રમી રહ્યા હતા. કોનવેએ પ્રથમ ઈનિંગમાં 227 રન બનાવ્યા હતા, તે વિશ્વનો માત્ર 10મો અને ન્યુઝીલેન્ડનો પ્રથમ બેટ્સમેન બન્યો જેણે ટેસ્ટ મેચમાં બેવડી સદી અને સદી ફટકારી. લેથમે પ્રથમ ઈનિંગમાં 137 રન બનાવ્યા. તેણે ટેસ્ટ મેચની બંને ઈનિંગમાં સદી ભાગીદારી કરી, તેના પિતા રોડની બરાબરી કરી. કેન વિલિયમસન 40 રન બનાવી અણનમ રહ્યો. રચિન રવિન્દ્રએ 23 બોલમાં અણનમ 46 રન બનાવ્યા. અગાઉ, વેસ્ટઈન્ડિઝે સવારે 6 વિકેટે 381 રનથી પોતાનો પહેલો દાવ ફરી શરૂ કર્યો હતો, પરંતુ ચોથા દિવસે તેઓ ચાર વિકેટ ગુમાવીને ફક્ત 39 રન જ બનાવી શક્યા હતા. જેકબ ડફીએ (4 વિકેટ) ચોથા દિવસના પહેલા કલાકમાં ઝડપથી બે વિકેટ લઈ વેસ્ટઈન્ડિઝને ઓલઆઉટ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ભારતને હરાવી પાકિસ્તાને અંડર-19 એશિયા કપ ટાઈટલ જીત્યું

પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરી 347 રન બનાવ્યા, મિન્હાસના 172 રન

ભારતીય ટીમ બેજવાબદાર શોટ રમીને 156 રનમાં ઓલઆઉટ થઈ

દુબઈ, તા. 21 (પીટીઆઈ): સમીર મિન્હાસની વિસ્ફોટક બેટિંગ અને તેના ફાસ્ટ બોલરોના શાનદાર પ્રદર્શનની મદદથી પાકિસ્તાને રવિવારે અહીં અંડર-19 વન-ડે એશિયા કપની એકતરફી ફાઈનલમાં ભારતને 191 રનના મોટા માર્જિનથી હરાવ્યું.

આમ પાકિસ્તાને પોતાનો બીજો અંડર-19 એશિયા કપ ટાઈટલ જીત્યો. કેટલાક સમયની પરંપરા ચાલુ રાખતા, બંને ટીમોના ખેલાડીઓએ મેચ પછી એકબીજા સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. મિન્હાસના 172 રનની (17 ચોગ્ગા અને 9 છગ્ગા) મદદથી પાકિસ્તાને 8 વિકેટે 347 રનનો સ્કોર બનાવ્યા બાદ ભારતને 26.2 ઓવરમાં 156 રનમાં ઓલઆઉટ કરી દીધું. પાકિસ્તાનના ફાસ્ટ બોલર અલી રઝા (4 વિકેટ), મોહમ્મદ સય્યામ (2 વિકેટ) અને અબ્દુલ સુભાનની (2 વિકેટ) ત્રિપુટીએ આઠ વિકેટો વહેંચી, અને ભારતીય ખેલાડીઓને ક્રીઝ પર ટકવા ન દીધાં. કેપ્ટન આયુષ મ્હાત્રે (2) શરૂઆતમાં જ આઉટ થયો હતો છતાં, ભારતની ઈનિંગ્સની શરૂઆત વિસ્ફોટક રહી. વૈભવ સૂર્યવંશીએ (16) રઝાના બોલ પર બે છગ્ગા અને એક ચોગ્ગો ફટકાર્યો જેની મદદથી પ્રથમ ઓવરમાં 21 રન બન્યા. એરોન જ્યોર્જે (16) ચોથી ઓવરમાં સય્યામના બોલ પર સતત ત્રણ ચોગ્ગા ફટકારીને ટીમને માત્ર ચાર ઓવરમાં 49 રન સુધી પહોંચાડી. ચોથી ઓવરના છેલ્લા બોલ પર જ્યોર્જના આઉટ થયા બાદથી સ્થિતિ બદલાઈ ગઈ હતી. બાદમાં સૂર્યવંશીના આઉટ થતાં ભારતનો સ્કોર બે બોલના અંતરે એક વિકેટે 49થી વધીને ત્રણ વિકેટે 49 થઈ ગયો. શરૂઆતના આંચકાઓ છતાં, ભારતીય બેટ્સમેનોએ બેજવાબદાર શોટ રમીને વિકેટ ગુમાવવાનું ચાલુ રાખ્યું.

માન્ચેસ્ટર સિટીએ વેસ્ટ હેમને હરાવ્યું, હાલેન્ડના બે ગોલ

હાલેન્ડે ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં સૌથી વધુ ગોલ કરનારની યાદીમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને પાછળ છોડ્યો

આર્સેનલે એવર્ટનને 1-0થી હરાવ્યું, આર્સેનલ ક્રિસમસ પર ટેબલમાં ટોચ પર રહેશે

લંડન, તા. 21 (એપી): એર્લિંગ હાલાન્ડે પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખ્યું, તેણે બે ગોલ કરીને ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં (EPL) સૌથી વધુ ગોલ કરનારની યાદીમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને પાછળ છોડી દીધો, આ બે ગોલની મદદથી માન્ચેસ્ટર સિટીએ વેસ્ટ હેમને 3-0થી હરાવ્યું હતું અને આમ ટુર્નામેન્ટમાં સતત પાંચ જીત મેળવી હતી.

આ જીતથી માન્ચેસ્ટર સિટીએ ત્રણ પોઈન્ટ મેળવ્યા, પરંતુ ક્રિસમસના દિવસે આર્સેનલને પ્રીમિયર લીગમાં ટોચ પર જતા અટકાવવા માટે તે પૂરતું ન હતું.

એક અન્ય મેચમાં વિક્ટર ગ્યોકેરેસના પહેલા હાફમાં પેનલ્ટી પર કરેલા ગોલની મદદથી આર્સેનલે એવર્ટન પર 1-0થી વિજય મેળવ્યો, જેનાથી આર્સેનલ 25 ડિસેમ્બરે પાંચમી વખત પ્રીમિયર લીગના પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને રહેશે તેની ખાતરી થઈ. અગાઉ, આર્સેનલ ચાર વખત ક્રિસમસમાં ટેબલમાં ટોચ પર હતું, પરંતુ તે ચારેય વખત તે ટાઈટલ જીતવામાં નિષ્ફળ ગયું હતું.

માન્ચેસ્ટર સિટી બીજા સ્થાને છે, આર્સેનલથી ફક્ત બે પોઈન્ટ પાછળ છે.

હાલેન્ડે બંને હાફમાં 1-1 ગોલ કરી આ સીઝનમાં 17 મેચમાં 19 ગોલ કર્યા છે. આમ તેણે પ્રીમિયર લીગમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીઓની યાદીમાં રોનાલ્ડોને પાછળ કર્યો હતો. હાલેન્ડના પ્રીમિયર લીગમાં કુલ 104 ગોલ થઈ ગયા છે જે રોનાલ્ડોના કુલ ગોલ કરતા એક વધુ છે.

એમ્બાપ્પેએ રીયલ મેડ્રીડ માટે 59મો ગોલ કરી રોનાલ્ડોની બરાબરી કરી

રીયલ મેડ્રીડની આ વર્ષની આ છેલ્લી મેચ હતી, એમ્બાપ્પેએ છેલ્લી ચાર મિનિટમાં ગોલ કર્યો રીયલ મેડ્રીડે સેવિલાને 2-0થી હરાવ્યું

બાર્સેલોના, તા. 21 (એપી): સ્ટાર સ્ટ્રાઈકર કીલિયન એમબાપ્પેએ પોતાના 27મા જન્મદિવસના અવસર પર 2025માં રીયલ મેડ્રિડ માટે પોતાનો 59મો ગોલ કર્યો અને એક જ વર્ષમાં સૌથી વધુ ગોલ કરવાના ક્લબ રેકોર્ડની બરાબરી કરી, આ રેકોર્ડ અત્યાર સુધી માત્ર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના નામે હતો.

ફ્રેન્ચ સ્ટ્રાઈકર એમબાપ્પે માટે આ સિદ્ધિ હાંસલ કરવી લગભગ અશક્ય હતી, કારણ કે તે રીયલ મેડ્રિડની વર્ષની છેલ્લી મેચ હતી. જોકે, એમબાપ્પેએ મેચ સમાપ્ત થવાની ચાર મિનિટ પહેલા પેનલ્ટી કિકને ગોલમાં રૂપાંતરિત કરીને રોનાલ્ડોના રેકોર્ડની બરાબરી કરી, જેની મદદથી રીયલ મેડ્રિડે સેવિલા પર 2-0 થી જીત મેળવી.

2013માં રોનાલ્ડોએ આ રેકોર્ડ બનાવ્યો હતો. રેકોર્ડ ગોલ કર્યા પછી એમબાપ્પેએ રોનાલ્ડોની શૈલીમાં ઉજવણી કરી હતી.

એમબાપ્પેએ કહ્યું, 'ક્રિસ્ટિયાનોએ જે કર્યું છે તે અદ્ભુત છે. તે મારો આદર્શ છે. તે રીયલ મેડ્રિડના ઈતિહાસનો શ્રેષ્ઠ ખેલાડી છે. હું આ ઉજવણી તેને સમર્પિત કરું છું. તે મારો મિત્ર છે. હું તેને અને રીયલ મેડ્રિડના તમામ ચાહકોને મેરી ક્રિસમસ અને નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું.'

આ પહેલાં જુડ બેલિંગહામે 38મી મિનિટે હેડર વડે રીયલ મેડ્રિડનો પહેલો ગોલ કર્યો હતો.

અન્ય એક મેચમાં એન્ટે બુડિમિરે લગભગ બે મહિનામાં પોતાનો પહેલો લીગ ગોલ કરીને ઓસાસુનાને અલાવેસ પર 3-0થી જીત અપાવી.

આજનું પંચાંગ

તા. 22/12/2025, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** પોષ
તિથિ: સુદ: બીજ : 10:53 પછી ત્રીજ
રાષ્ટ્રિય દિનાંક : પૌષ :01
અયન : ઉતરાયન **ઋતુ :**શિશિર
નક્ષત્ર : ઊ.ષા.:29:33
યોગ : ધ્રુવ
કરણ: તૈતિલ
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ) 10:08 પછી મકર (ખ.જ.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 07:13
સુરતમાં સૂર્યાસ્ત : 18:01 **નવકારસી :** 08:01
પારસી વર્ષ : 1395, અમરદાદ માસનો 10 મો રોજ
મુસલમાન વર્ષ : 1447, રજ્જબ માસનો પ્રથમ રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે 07:30 થી 09:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): મહત્વની મિટીંગમાં હાજર રહેવાનું બનશે. સર્જનાત્મક કાર્યથી નવી તક મળે. મિત્રોની અપેક્ષા પ્રમાણે પ્રગતિ.

વૃષભ (બ,વ,ઉ,):જીવન સાથીના કામમાં પ્રગતિ થાય. તેમના કેરિયરમાં મદદરૂપ બનશો. તમારા કામની ગુણવત્તાની કદર થાય.

મિથુન (ક,છ,ઘ,): નોકરીની અપેક્ષાયુક્ત યુવાનોને તક મળે. આવકના સ્ત્રોતો વધશે. ઉચ્ચ શિક્ષામાં પ્રગતિ થાય. શુભ સમાચાર મળે.

કર્ક (ડ,હ,): નવા કામ માટે ઉતાવળ કરવી નહીં. કામનો બોજ રહે. હળવો ખોરાક લેવો. નકારાત્મક વિચારોથી દૂર.

સિંહ (મ,ટ,): આરોગ્ય સુધરશે. પરિવારના કામ માટે સમય મળે. ઘરમાં નવા સુધારા કે રીનોવેશનની યોજના બને.

કન્યા (પ,ઠ,ણ,): કાર્ય સ્થળ પર પ્રભાવ વધે. નવી જવાબદારીથી લાભ થાય. બાળકોના કામમાં મદદરૂપ બનશો. ખર્ચા વધશે.

તુલા (ર,ત,): સાહસિક નિર્ણય લેવાય ઘરનાં કામમાં મદદ મળે. નોકરી ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે. આવક વધશે.

વૃશ્ચિક (ન,ય,): સખત મહેનત અને દોડધામયુક્ત દિવસ રહેશે. અચાનક શુભ સમાચાર મળે. નવી નોકરી મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): પરિવાર સાથે મનોરંજન થાય. વાણી પર કાબૂ રાખવો. આર્થિક બાબતે ઉતાવળિયા નિર્ણય ટાળવા.

મકર (ખ,જ,): કુટુંબમાં મિલકત-વારસાના ઝઘડા ઓછા થાય. નવી તક મળે. નોકરિયાતને આર્થિક લાભની તક મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): સરકારી નોકરિયાતે સાવધાન રહેવું. વાદ-વિવાદ ટાળવો. વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવુંનહીં.

મીન (દ,ચ,ઝ,થ,): આર્થિક પ્રગતિ થાય. મિત્રો સાથે વ્યવસાયની યોજના બને. શેર બજારમાં તક મળે. આવક વધે.

કોઇ પણ સાલમાં 22 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષનો અનુભવ વધારશે. નોકરી ધંધામાં ચડતી-પડતી અને કાર્યબોજ, સ્થાનફેર તથા હરીફોની હેરાનગતિના અનુભવ વધે. નવી નીતિ અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડશે. સમાજમાં સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉધરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ કેરિયરમાં ચડતી-પડતી રહે. વિદ્યાર્થીઓને મહેનત વધશે. વિદેશનાં કામ ધીમાં પડે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં વડીલોની મદદથી શરૂઆતમાં પાર પડે. કુટુંબ પરિવારની અપેક્ષાઓ કામ વધારે વારસા, જાયદાદ, જમીનાનાં કામ ધીમા પડે. મિત્રોની મદદ મળે. નવા નોકરી-ધંધા વ્યવસાયમાં નવા હરીફો વધશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જૂન જુલાઈમાં આવક વધે. નવેમ્બર ડિસેમ્બરમાં ખર્ચા વધશે.